જાહેર નોટીસ

ન્યૂજર્સી ડિપાર્ટમેન્ટ ઓફ કમ્યુનિટી અફેર્સની રાજ્યવ્યાપી મુક્ત નોંધણી સાઇટમાં આપનું સ્વાગત છે
**કોવિડ-19 ઇમરજન્સી રેન્ટલ સહાયતા કાર્યક્રમ તબક્કો II (CVERAP તબક્કો II)**

માર્ચ 22, 2021થી પ્રારંભ કરીને કોવિડ-19 ઇમરજન્સી રેન્ટલ સહાયતા કાર્યક્રમ તબક્કો II (CVERAP તબક્કો II) ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારોને કે જેમની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, બેરોજગારી લાભો માટે લાયક થયા છે, નોંધપાત્ર પ્રમાણમાં ખર્ચ ભોગવ્યો છે અથવા કોવિડ-19 મહામારીના કારણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નોંધપાત્ર પ્રમાણમાં આર્થિક તાણનો અનુભવ કર્યો છે તેમને રેન્ટલ એરિયર્સ અને હંગામી રેન્ટલ સહાયતા પૂરી પાડશે. ન્યૂજર્સી ડિપાર્ટમેન્ટ ઓફ કમ્યુનિટી અફેર્સ દ્વારા નેન મેક્કે એન્ડ એસોસિએટ્સને CVERAP તબક્કા IIના વહીવટી સંચાલનમાં મદદ માટે અને અરજદારો તેમજ મકાન માલિકો સાથે સંકલન કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

**એરિયર્સ માટે ઇમરજન્સી રેન્ટલ સહાયતા:** અરજદારો જ્યાં સુધી ભંડોળ ઉપલબ્ધ હોય ત્યાં સુધી ભાડાનું એરિયર્સ અને ભવિષ્યનું ભાડું ચુકવવા માટે મદદ મળી રહે તે માટે મહત્તમ બાર મહિના સુધી ઇમરજન્સી રેન્ટલ સહાયતા માટે લાયકાત ધરાવી શકે છે. જે પરિવારોએ પહેલાંથી જ આ કાર્યક્રમના તબક્કા Iમાં CVERAP ભંડોળ પ્રાપ્ત કર્યું હોય, તેમને જો વધારાના ભાડાની સહાયની જરૂર હોય અને જો મહત્તમ બાર મહિનાની ઇમરજન્સી રેન્ટલ સહાય પ્રાપ્ત ના થઇ હોય તો, તેઓ વધારાના ભંડોળ માટે અરજી કરી શકે છે.

**વર્તમાન અને ભવિષ્યના ભાડાં માટે ઇમરજન્સી રેન્ટલ સહાયતા:** દાખલ કરેલી અરજીના આધારે નાણાકીય સહાયતા ત્રણ મહિના સુધી મર્યાદિત છે, સિવાય કે તે પરિવારે વધારે ભંડોળની ઉપલબ્ધતા અને યોગ્યતાને આધિન વધારાના મહિના માટે વધારાની સહાય પ્રાપ્ત કરી હોય, જે 12 મહિનાથી વધુ નહીં હોય (વત્તા જો આવાસ ટકાઉક્ષમતા સુનિશ્ચિત કરવા માટે જરૂર જણાય તો વધારાના ત્રણ મહિના).

અરજી કરનાર વ્યક્તિઓએ CVERAP તબક્કા II આવક અને યોગ્યતાની તમામ જરૂરિયાતોને પૂર્ણ કરવી આવશ્યક છે. અરજી કરવા માટે તમે અઢાર (18) વર્ષ અથવા તેની વધુ ઉંમરના અથવા સ્વતંત્ર સગીર હોવ તે આવશ્યક છે. **પરિવાર દીઠ ફક્ત એક (1) અરજદારને સ્વીકારવામાં આવશે**. તમામ ઉપલબ્ધ CVERAP તબક્કા IIનું ભંડોળ વિતરિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે પૂરતા પ્રમાણમાં અરજીઓ પ્રાપ્ત થાય ત્યાં સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. યોગ્યતા નિર્ધારિત કરવા માટે કોવિડ-19ના કારણે અસરગ્રસ્ત થયા હોય તેવા પરિવારોમાંથી કોમ્પ્યૂટરાઇઝ્ડ પસંદગી (લોટરી) પ્રક્રિયાના ઉપયોગથી રહેવાસીઓની પસંદગી કરવામાં આવશે.

**યોગ્યતા માપદંડ:** પસંદ કરવામાં આવેલા પરિવારો સહાયતા પ્રાપ્ત કરવા માટે લાયક બનવા નીચે દર્શાવેલા માપદંડો પૂર્ણ કરે તે આવશ્યક છે:

- બેરોજગારી માટે પાત્ર હોય અથવા પારિવારિક આવકમાં ઘટાડો થયો હોય, નોંધપાત્ર પ્રમાણમાં ખર્ચ થયો હોય અથવા કોવિડ-19 મહામારીના કારણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નાણાકીય તાણનો અનુભવ થયો હોય;
- બેઘર થવાનું અથવા આવાસીય અસ્થિરતાનું જોખમ દેખાતું હોય;
- ક્ષેત્રની સરેરાશ આવક (કૃપા કરીને નીચે આવકની મર્યાદા જુઓ)ના 80 ટકા અથવા તેનાથી ઓછી પારિવારિક આવક હોય;
- ભાડાંનું એરિયર અથવા વર્તમાન અને ભવિષ્યનું ભાડું ચુકવવા માટે સંપત્તિ અથવા બચત ના હોય;
- ન્યૂજર્સીના રહેવાસી હોય; અને
- રહેઠાણના નિવાસ માટે ભાડું ચુકવવાનું બાકી હોય.

આ કાર્યક્રમ અંતર્ગત, ફક્ત માર્ચ 13, 2020 પછીના ભાડાંના એરિયરની ચુકવણી કરવામાં આવશે.

મિલકત મેનેજરો અથવા રહેણાક નિવાસના માલિકો ભાડુઆત વતી સહાયતા માટે અરજી કરી શકે છે. મકાન માલિકો માટે આટલું જરૂરી છે:

- અરજી પર ભાડુઆતની સહી મેળવે, જેનું દસ્તાવેજીકરણ ઇલેક્ટ્રોનિક માધ્યમથી થઇ શકે છે; અને
- આ અરજી દાખલ કરવામાં આવી હોવાનું ભાડુઆતને સૂચિત કરવા માટે અવશ્યપણે ભાડુઆતને અરજીનું દસ્તાવેજીકરણ પૂરું પાડે.

## કોવિડ-19 ઇમરજન્સી રેન્ટલ સહાયતા કાર્યક્રમ મહત્તમ આવકની મર્યાદા

નીચે આપેલો ચાર્ટ મહત્તમ આઠ સભ્યો સુધીના પરિવારો માટે હાલમાં અસરમાં હોય તેવી મહત્તમ આવકની મર્યાદા દર્શાવે છે. જો તમારો પરિવાર મોટો હોય તો, કૃપા કરીને આ નંબર પર DCAનો 609-490-4550 પર સંપર્ક કરો, તમારા પરિવાર માટે મહત્તમ આવકની મર્યાદા નિર્ધારિત કરવામાં મદદ મળે.

| કોવિડ-19 ઇમરજન્સી રેન્ટલ સહાયતા મહત્તમ આવકની મર્યાદા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કાઉન્ટી | 1 વ્યક્તિ | 2 વ્યક્તિ | 3 વ્યક્તિ | 4 વ્યક્તિ | 5 વ્યક્તિ | 6 વ્યક્તિ | 7 વ્યક્તિ | 8 વ્યક્તિ |
| એટલાન્ટિક કાઉન્ટી | $46,450 | $53,100 | $59,750 | $66,350 | $71,700 | $77,000 | $82,300 | $87,600 |
| બેર્જેન કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $9,7350 | 103,650 |
| બર્લિંગ્ટન કાઉન્ટી | $54,150 | $61,850 | $69,600 | $77,300 | $83,500 | $89,700 | $95,900 | $102,050 |
| કેમડેન કાઉન્ટી | $54,150 | $61,850 | $69,600 | $77,300 | $83,500 | $89,700 | $95,900 | $102,050 |
| કેપ મે કાઉન્ટી | $48,100 | $54,950 | $61,800 | $68,650 | $74,150 | $79,650 | $85,150 | $90,650 |
| કમ્બર્લેન્ડ કાઉન્ટી | $41,100 | $47,000 | $52,850 | $58,700 | $63,400 | $68,100 | $72,800 | $77,500 |
| એસેક્સ કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| ગ્લોસેસ્ટર કાઉન્ટી | $54,150 | $61,850 | $69,600 | $77,300 | $83,500 | $89,700 | $95,900 | $102,050 |
| હડસન કાઉન્ટી | $55,250 | $63,150 | $71,050 | $78,900 | $85,250 | $91,550 | $97,850 | $104,150 |
| હન્ટર્ડન કાઉન્ટી | $57,800 | $66,050 | $74,300 | $82,550 | $89,200 | $95,800 | 102,400 | 109,000 |
| મર્સર કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | 103,650 |
| મિડલસેક્સ કાઉન્ટી | $57,800 | $66,050 | $74,300 | $82,550 | $89,200 | $95,800 | 102,400 | $109,000 |
| મોનમોથ કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| મોરિસ કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઓસિઅન કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| પેસેક કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| સાલેમ કાઉન્ટી | $54,150 | $61,850 | $69,600 | $77,300 | $83,500 | $89,700 | $95,900 | $102,050 |
| સોમર્સેટ કાઉન્ટી | $57,800 | $66,050 | $74,300 | $82,550 | $89,200 | $95,800 | 102,400 | $109,000 |
| સસેક્સ કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| યુનિયન કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |
| વોરેન કાઉન્ટી | $54,950 | $62,800 | $70,650 | $78,500 | $84,800 | $91,100 | $97,350 | $103,650 |

**ક્યારે:**

CVERAP તબક્કો II અરજીઓ માત્ર ઑનલાઇન સ્વીકારવામાં આવશે: અરજીનો સમયગાળો માર્ચ 22, 2021ના રોજ સવારે 9:00થી, ઇસ્ટર્ન સ્ટાન્ડર્ડ ટાઇમ અનુસાર, શરૂ થશે.

**પ્રક્રિયા:**

CVERAP તબક્કા IIના અરજદારો માર્ચ 22ના રોજ સવારે 9:00 વાગ્યાથી પર્સનલ કોમ્પ્યૂટર, લેપટોપ, સ્માર્ટફોન અથવા ટેબ્લેટનો ઉપયોગ કરીને ઑનલાઇન અરજી દાખલ કરી શકે છે જેની સાઇટ છે:https://njdca.onlinepha.com. માર્ચ 22ના રોજ સવારે 9:00 વાગ્યા પહેલાં અરજીની લિંક ઍક્સેસ કરી શકાશે નહીં.

કાગળ પર CVERAP તબક્કો II અરજીઓ વિતરિત અથવા સ્વીકારવામાં **આવશે નહીં. પરિવાર દીઠ ફક્ત એક CVERAP તબક્કો II અરજી સ્વીકારવામાં આવશે. સૂચિત ભાડાંની સહાયતા ત્રણ મહિનાની સ્વીકૃતિઓને આધિન રહેશે. ડુપ્લિકેટ CVERAP તબક્કો II અરજી નકારી કાઢવામાં આવશે.**

**પરિવારની જરૂરી માહિતી:**

પરિવારમાં રહેતા તમામ સભ્યોના નામ, જન્મતારીખ, આવકની માહિતી, તેમજ:

- મકાન માલિકની માહિતી;
- વર્તમાન અને અગાઉની આવાસ સહાયતા જો પ્રાપ્ત કરી હોય તો;
- કોવિડ-19 મહામારીના કારણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે થયેલી નાણાકીય તાણનો પુરાવો;
- બેઘર થવાનું અથવા આવાસીય અસ્થિરતાનું જોખમ હોય તેનો પુરાવો;
- ભાડા કરાર; અને
- બાકી રકમનો પુરાવો.

ઇમેલ એડ્રેસની પણ જરૂર પડશે. જો તમારી પાસે ઇમેલ એડ્રેસ ના હોય તો, અરજીની પ્રક્રિયા તમને એક ઇમેલ એડ્રેસ બનાવવા દેશે. જો તમે અંગ્રેજીના જાણકાર ના હોવ તો, CVERAP તબક્કો II અરજી 90 ભાષામાં ઉપલબ્ધ છે. આ માહિતી માર્ચ 22, 2021ના રોજ સવારે 9:00 વાગ્યાથી https://njdca.onlinepha.com, પર અરજીના ટોચના ભાગે ઉપલબ્ધ છે.

**વાજબી સવલતો:**

ડિપાર્ટમેન્ટ ઓફ કમ્યુનિટી અફેર્સ દ્વારા વિકલાંગ વ્યક્તિઓ અને જે વ્યક્તિઓ અંગ્રેજીનું મર્યાદિત જ્ઞાન ધરાવે છે તેમને પ્રત્યેક કેસના આધારે વાજબી સવલતો પૂરી પાડશે અને ઇન્ટરનેટનો એક્સેસ ના ધરાવતા હોય તેવા વ્યક્તિ(ઓ) અથવા પરિવારોની અક્ષમતા અને જરૂરિયાત(તો)ને ધ્યાનમાં લેશે. સહાયતા માટે કૃપા કરીને 609-490-4550 પર DCAના અરજદાર સેવાનો સંપર્ક કરો. CVERAP તબક્કા IIની અરજી દાખલ કરવાથી કાર્યક્રમમાં સ્વીકૃતિ થઇ હોવાની બાંયધરી મળતી નથી. પરિવાર દીઠ ફક્ત એક CVERAP તબક્કો II અરજી સ્વીકારવામાં આવશે. ડુપ્લિકેટ CVERAP તબક્કો II અરજી નકારી કાઢવામાં આવશે.

## લોટરી પ્રક્રિયા:

ક્રમ નિર્ધારિત કરવા માટે કોમ્પ્યૂટરાઇઝ્ડ પસંદગી (લોટરી) પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવશે જેમાં અરજીઓને લાયકાત નક્કી કરવા માટે પસંદ કરવામાં આવશે. ખુલ્લા અરજી સમય દરમિયાન દાખલ કરવામાં આવેલી દરેક અરજીને લોટરી દરમિયાન પસંદગી પામવાની સમાન તક છે.

કૃપા કરીને ધ્યાનમાં રાખો કે, CVERAP તબક્કા IIની અરજી દાખલ કરવાથી કાર્યક્રમમાં સ્વીકૃતિ માટેની તેમજ CVERAP તબક્કા II હંગામી ભાડાની સહાયતા માટેની બાંયધરી મળતી નથી.

## વધારાની માહિતી:

સ્થિતિની માહિતી આ સાઇટ પર ઉપલબ્ધ રહેશે: https://njdca.onlinepha.com, માર્ચ 22, 2021. આ સાઇટ પર, તમે તમારી અરજીની સ્થિતિ જોઇ શકો છો.

જો તમારે વધારે માહિતીની જરૂર હોય તો કૃપા કરીને આપેલ લિંક પર અમારા વારંવાર પૂછાતા પ્રશ્નોની મુલાકાત લો: www.nj.gov/dca/divisions/dhcr/offices/docs/FAQs_CVERAP.pdf

**ભવિષ્યમાં નવું વેઇટિંગ લિસ્ટ ક્યારે ખુલશે તે જોવા માટે DCAની વેબસાઇટ ચકાસવાનું ચાલુ રાખો.**